હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

નં. – એકે/અસ/ ૩૪૫૨ /૨૦૧૧
યુનિવર્સિટી રોડ, પો.બો. નં. – ૨૧
**પાટણ.** ૩૮૪૨૬૫. (ઉ. ગુ.)
તારીખ: ૩ – ૦૬ – ૨૦૧૧

પ્રતિ,
⇨આ યુનિવર્સિટીના તમામ ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીઓ / કો–ઓર્ડીનેટરશ્રીઓ
⇨આ યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ

**વિષય:** જૂન–૨૦૧૧ થી **સ્નાતક / અનુસ્નાતક** કક્ષાએ **સેમેસ્ટર/સીબીસીએસ/ગ્રેડીંગ** પેટર્ન દાખલ કરવા અંગે..

શ્રીમાન,

આ યુનિવર્સિટીના તમામ ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીઓ / કો–ઓર્ડીનેટરશ્રીઓ તથા આ યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, નામ.રાજય સરકારશ્રીની સૂચના અન્વયે આ યુનિવર્સિટીના **અનુસ્નાતક કક્ષા**ના અભ્યાસક્રમોમાં જૂન–૨૦૧૦ થી સેમેસ્ટર પધ્ધતિ દાખલ કરવામાં આવેલ છે. જેનાથી આપ સૌ સુપિરિચીત છો. હવે **જૂન–૨૦૧૧ થી** શરૂ થતા શૈક્ષણિક વર્ષથી સેમેસ્ટર પધ્ધતિવાળા અનુસ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમોમાં **સીબીસીએસ / ગ્રેડીંગ** પેટર્ન પણ દાખલ કરવા માન.કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલવતી મંજૂરી આપેલ છે. જે માટેના નવા **અભ્યાસક્રમો** અને નવી **પરીક્ષા સ્કીમો** તૈયાર કરવાની કાર્યવાહી સબંધિત બોર્ડ ધ્વારા પૂર્ણ થવામાં છે. જેથી જેમ જેમ તે તૈયાર થાય તેમ તેમ સબંધિતોને તે મોકલવાની કાર્યવાહી પણ ચાલી રહી છે. આ અનુસ્નાતક કક્ષાના સીબીસીએસ / ગ્રેડીંગ પેટર્નવાળા નવા અભ્યાસક્રમો જૂન–૨૦૧૧ થી નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લાગુ પડશે. જેની સબંધકર્તા સર્વેએ નોંધ લેવી.

વધુમાં નામ.રાજય સરકારશ્રીના આદેશ અન્વયે **જૂન–૨૦૧૧** થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી આ યુનિવર્સિટીમાં **સ્નાતક** કક્ષાએ પણ સેમેસ્ટર/સીબીસીએસ/ગ્રેડીંગ પેટર્ન દાખલ કરવાની થાય છે. પરંતુ આપણી યુનિવર્સિટી હાલ **સ્નાતક** કક્ષાના બધા અભ્યાસક્રમોમાં સેમેસ્ટરપધ્ધતિ દાખલ કરી શકે તેમ નથી. જેથી માન.કુલપતિશ્રીએ હાલ પૂરતું નીચેના કેટલાક પસંદગીના અભ્યાસક્રમોમાં જૂન–૨૦૧૧થી અમલમાં આવે તે રીતે સેમેસ્ટર/સીબીસીએસ/ગ્રેડીંગ પેટર્ન દાખલ કરવા એકેડેમિક કાઉન્સિલવતી મંજૂરી આપેલ છે. જે સબંધકર્તા સર્વેની જાણ સારૂ.

પાછળ..

13/6/11

**જૂન–૨૦૧૧થી સેમેસ્ટર/સીબીસીએસ/ગ્રેડીંગ પેટર્ન દાખલ કરવામાં આવનાર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની યાદીઃ ⇨**

(૧) બી.બી.એ. (૨) બી.સી.એ. (૩) બી.આર.એસ.

(૪) બી.એડ (૫) બી.પી.એડ. (૬) બી.લીબ.

(૭) ફીલ્મ એન્ડ ટેલિવિઝન

આ સંદર્ભે સબંધકર્તા સર્વેને આદેશાનુસાર જણાવવાનું કે આ બાબતે સબંધકર્તાઓએ અનુસરવાની થતી જરૂરી કાર્યવાહી આપના સ્તરેથી હાથ ધરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ડો. ધ. મ. પટેલ)

કા.કુલસચિવ

**નકલ સાદર રવાના જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ : ⇨**

૧. તમામ વિદ્યાશાખાના ડીનશ્રીઓ
૨. યુનિવર્સિટી કાર્યાલયની તમામ વહીવટી શાખા / પ્રશાઓના શાખાધ્યક્ષશ્રીઓ
૩. પરીક્ષા નિયામકશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૪. ગ્રંથપાલશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ.**
૫. ઈન્ચાર્જશ્રી, કોમ્પ્યુટર(રીઝલ્ટ) સેન્ટર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, **પાટણ.**તરફ વેબ સાઈટ પર મૂકવા સારૂ.
૬. અનુસ્નાતક પ્રશાખા (એકેડેમિક) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ.**
૭. પ્રવેશ પ્રશાખા (એકેડેમિક), હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ.**
૮. એનરોલમેન્ટ પ્રશાખા (એકેડેમિક), હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ.**
૯. એક્ષટર્નલ પ્રશાખા (પરીક્ષા), હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ.**
૧૦.માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ.**

13/6/11